# સંપાદકીય

## અફઘાનમાં અનર્થ

અફઘાનિસ્તાનના મુખ્ય શહેર જલાલાબાદમાં શીખો અને હિંદુઓને નિશાનો બનાવીને કરવામાં આવેલ ભીષણ આતંકી હુમલામાં લગભગ ૨૦ લોકોના મોત પર ભારત સરકારે સ્વાભાવિક ચિંતા વ્યક્ત કરી, પરંતુ ફક્ત આટલું કરવાથી નહીં ચાલે. આ હુમલા બાદ ભારત સરકારે ક્યાંય વધારે સક્રિયતા દેખાડવાની જરૂર છે, કારણ કે જલાલાબાદ અને આસપાસના વિસ્તારમાં રહેતા વધ્યાઘટ્યા શીખો હવે ખુદને અસુરક્ષિત માની રહ્યા છે. જો તેઓ પલાયન માટે મજબૂત હોય તો પછી અફઘાનિસ્તાનના બીજા હિસ્સામાં રહેતા શીખ અને અન્ય લઘુમતી પોતાની સુરક્ષા મુદ્દે ચિંતિત હોઈ શકે છે. અફઘાનિસ્તાનમાં રહેતા શીખો અને હિંદુઓની સાથે અન્ય અલ્પસંખ્યકોની જિંદગી કેટલી જોખમભરી છે, તે તેનાથી સમજી શકાય છે કે લગભગ બે દાયકા પહેલાં તેમની સંખ્યા એક લાખથી વધુ હતી, પરંતુ આજે તેઓ માંડ બે-ચાર હજાર જ બચ્યા છે. ભૂતકાળમાં તાલિબાનની બર્બરતાનો સામનો કરી ચૂકેલા અફઘાનિસ્તાનના શીખો અને હિંદુઓ પર તાજા હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ એટલે કે આઈએસ નામના સંગઠને લીધી છે, પરંતુ એના વિશે સચોટ કહેવું કઠિન છે કે તે કોનું કરતૂત છે. આશ્ચર્ય નહીં કે આઈએસના નામનો ઉલ્લેખ ફક્ત સનસનાટી પેદા કરવા અથવા પ્રચાર મેળવવા કરવામાં આવ્યો હોય અને આ કામને અંજામ આપ્યો હોય કોઈ તાલિબાની જૂથે. આ આશંકા એટલા માટે છે, કારણ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન સહિત અન્ય અનેક દેશોમાં સક્રિય જાતજાતનાં આતંકી સંગઠનોમાં ખુદને આઈએસ સાથે જોડાયેલા હોવાની શેખી મારવાનો સિલસિલો વધી ગયો છે.

જલાલાબાદમાં હિંદુઓ અને શીખોને આત્મઘાતી હુમલાના શિકાર બનાવવાનું કામ ચાહે જે આતંકી સમૂહે કર્યું હોય, એ સ્પષ્ટ છે કે તેનો મકસદ અફઘાનિસ્તાન સરકારની સાથે સાથે ભારત સરકારને પણ કોઈ સંદેશ આપવાનો હતો. ક્યાંક એ જ આતંકી જૂથે આ કામ પાકિસ્તાનના ઈશારે તો નથી કર્યું? આ સવાલ એટલા માટે કારણ કે અફઘાનિસ્તાનના ઉત્થાનમાં ભારત સાથ આપી રહ્યું છે તેથી કોઈને પરેશાની હોય તો તે પાકિસ્તાન જ છે. પાકિસ્તાનને અફઘાનિસ્તાનમાં ભારતની સક્રિયતા એટલા માટે કઠે છે, કારણ કે તે કાબુલમાં પોતાની કઠપૂતળી સરકાર ઈચ્છે છે અને તેને લાગે છે કે ભારત તેમાં બાધક છે. પાકિસ્તાનની આ જ માનસિકતા પાછળ એક મોટું કારણ અફઘાનિસ્તાનને પોતાની જાગીર તરીકે જોવાનું છે. જો પાકિસ્તાનનો પહેલો સનેપાત ભારતને નીચા દેખાડવાનો છે તો બીજો સનેપાત અફઘાનિસ્તાનને પોતાના નિયંત્રણમાં જોવાનો. એ જ કારણે તે તાલિબાન જેવા ખૂંખાર તત્ત્વોને પોતાનો સહયોગ, સમર્થન અને સંરક્ષણ આપી રહ્યું છે. જલાલાબાદ હુમલામાં માર્યા ગયેલા શીખ અને હિંદુ અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિને મળવા જઈ રહ્યા હતા, તેથી તેમણે જોવું પડશે કે દોષી બચી ન શકે. નિઃસંદેહ એ પણ અપેક્ષિત છે કે અમેરિકા અને સાથે જ અફઘાનિસ્તાનના ભવિષ્યને લઈને ચિંતિત અન્ય દેશ પણ જલાલાબાદની આતંકી ઘટનાની નોંધ લે. આ તમામ દેશોએ એ પણ જોવું જોઈએ કે ક્યાંક પાકિસ્તાન આતંકની નવેસરથી નિકાસ તો નથી કરતું?

# દુનિયા બદલાઈ, સામ્યવાદીઓ નહીં



આગામી વર્ષે મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી મનાવવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ અવસરને યાદગાર બનાવવાના ઉપાયો પર રાષ્ટ્રપતિની અધ્યક્ષતાવાળી એક સમિતિ વિચાર કરી રહી છે. કેલાક સમય પહેલાં જ દુનિયાએ કાર્લ માર્ક્સને તેમની ૨૦૦મી જયંતી પર યાદ કર્યા હતા. માર્ક્સ અને ગાંધીનું લ-ય એક હતું, પરંતુ લ-ય પ્રાપ્ત કરવાનાં સાધન અલગ હતાં. માર્ક્સ હિંસા અને ગાંધીએ અહિંસાનું સમર્થન કર્યું. માર્ક્સવાદનો સૂર્ય હવે અસ્ત થઈ રહ્યો છે. શું તેનું સ્થાન ગાંધીવાદ લઈ શકશે? માર્ક્સના આદર્શ હતા મૂડીવાદનો નાશ, મજૂરો અને શ્રમિકોનું વર્ચસ્વ અને રાજ્ય વિહીન સમાજની સ્થાપના. માર્ક્સ જેવું ઈચ્છતા હતા તેનાથી વિપરીત થયું. રાજ્ય વિહીન સમાજની સ્થાપનાનું તેમનો લ-ય તો ઓઝલ જ થઈ ગયું. સામ્યવાદી દેશોમાં તાનાશાહી અને નિરંકુશતાની સ્થાપના થઈ. રશિયામાં તો જે કોઈ લેનિન કે તેના શાસન વિરુદ્ધ સક્રિય જોવા મળતા હતા તેને પોલીસ દ્વારા મરાવી નંખાતા હતા. લેનિનના મૃત્યુ બાદ જ્યારે જોસેફ સ્ટાલિને સત્તા સંભાળી ત્યારે ખૂની ખેલ વધી ગયો. રશિયાની જેમ ચીનમાં પણ સાંસ્કૃતિક ક્રાંતિના નામે માઓએ લાખો લોકોને ખતમ કરી દીધા. ૧૯૭૫-૭૯ દરમ્યાન કંબોડિયામાં પોલપોટની સામ્યવાદી ખમેર રૂઝ પાર્ટીએ પોતાના લાખો રાજકીય વિરોધીઓની હત્યા કરી. હત્યાઓ, શ્રમ યાતનાઓ, કુપોષણ અને ભયંકર બીમારીઓને કારણે કંબોડિયાની ૩૦-૩૫ લાખ આબાદી સમાપ્ત થઈ ગઈ. શ્રમિકોના કલ્યાણની વાત કરનારી સામ્યવાદી પૂર્વી જર્મનીની સત્તાધારી પાર્ટીના શાસનમાં શ્રમિકોનાં વેતન પશ્ચિમી જર્મનીના શ્રમિકોના વેતનથી અડધાથી પણ ઓછા હતા. જો હિટલર અને મુસોલિનીને તેમના ફાસિસ્ટ કારનામા માટે યાદ કરવામાં આવે છે તો માઓ, લેનિન અને સ્ટાલિન ફાસિસ્ટ કેમ નહીં? તેમને ક્રાંતિકારીઓની શ્રેણી કઈ રીતે મળી ગઈ? આજે સામ્યવાદ ફક્ત થોડા દેશોમાં નામમાત્રનો છે. દુનિયાનું પરિદૃશ્ય બદલાઈ રહ્યું છે, પરંતુ આપણા દેશમાં બુદ્ધિજીવીઓનો એક સારો એવો વર્ગ સામ્યવાદી લકીરનો ફકીર બનેલો છે. તેને માર્ક્સ સાથે પ્રેમ છે એ ગાંધીની પરેજી. ખબર નહીં કેમ તેઓ એ નથી જોઈ શકતા કે સામ્યવાદથી મોહભંગ થવાથી દુનિયાના દેશો ઉદારવાદી લોકતંત્ર તરફ જ વધી રહ્યા છે? સામ્યવાદની જેમ ઉદારપંથી લોકતંત્ર પર પશ્ચિમની દેન છે. જે લોકોએ યુરોપમાં લોકતંત્રને આગળ વધાર્યું તેની પૃષ્ઠભૂમિ પણ ધ્યાન રાખવા લાયક છે. પ્રજાતંત્રના પ્રવર્તક ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, નોર્વે અને ઈટલીના નેતા પોતાની હિંસક ગતિવિધિઓ માટે ઓળખાતા હતા. હેનરી અષ્ટમ (૧૫૦૯-૪૭) કોઈ તાનાશાહથી ઓછો ન હતો. તેણે ન માત્ર પોતાની અસુવિધાજનક રાણીઓની હત્યા કરી, બલ્કે બાળકો અને વફાદાર સેવકોની પણ હત્યા કરાવી દીધી. તેના દ્વારા અનેક હત્યાઓ સામુહિક રીતે કરવામાં આવી, પરંતુ એ સમયે તેને રાજનીતિનો હિસ્સો માનવામાં આવતું હતું. ફ્રાન્સમાં પણ લોકતંત્ર આસાનીથી સ્થાપિત નહોતું થયું. પ્રથમ ફ્રેન્ચ રિપબ્લિક શાસન દરમ્યાન લગભગ ૧૬ હજાર લોકોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા.

એ પણ વિચિત્ર વાત જ છે કે પોતાના પ્રજાતંત્ર પર ગૌરવ કરનારા યૂનાને એ સિકંદરને પોતાના ઈતિહાસ પુરુષ જાહેર કર્યો જેણે અનેક રાજ્યોને નષ્ટ કર્યાં. સિકંદરે રાજ્યોને નષ્ટ કરીને તાનાશાહીની સ્થાપના કરી. એથેન્સના કુશળ રાજનીતિજ્ઞ ડેમોસ્થનિઝે પોતાના પ્રજાતંત્રને બચાવવાની ભરચક કોશિશ કરી, પરંતુ તેને ભુલાવી દેવામાં આવ્યો અને મહાન એ વ્યક્તિને જાહેર કરવામાં આવ્યો જેણે ન માત્ર લોકતંત્રને નષ્ટ કર્યું, બલ્કે તાનાશાહી વ્યવસ્થા આગળ વધારી. નિર્દોષ જનતા, સ્ત્રીઓ અને બાળકોની સામૂહિક રીતે હત્યા કરનારા સિકંદરને પશ્ચિમી વિદ્વાન ન માત્ર એક મહાન વિજેતા રૂપે, બલ્કે સભ્યતાના પ્રચારક રૂપે પણ યા કરે છે. પશ્ચિમની દેખાદેખીમાં બીજા દેશોએ પણ યુદ્ધ અને હિંસાને ગૌરવાન્વિત કર્યા. મંગોલોએ પોતાના નેતા ચંગેઝ ખાનને મહાન જાહેર કર્યા. ચંગેઝ ખાનની ક્રૂરતાથી કોણ વાકેફ નથી? મંગોલિયા તેને પોતાના રાષ્ટ્રપિતા માને છે. ભારતમાં તબાહી મચાવનાર તૈમૂર લંગને ઉઝબેકિસ્તાને પોતાના રાષ્ટ્રપતિ માન્યા. લૂંટારા નાદિર શાહને ઈરાનની જનતા આદર સાથે યાદ કરે છે. દુનિયામાં હિંસાના માર્ગને વધારે પસંદ કરવામાં આવ્યો. આપણે અશોક, બુદ્ધ, મહાવીર અને ગાંધીના માર્ગને પસંદ કર્યો. ગાંધીની અહિંસાથી પ્રભાવિત થઈને ફ્રાન્સના લેખક રોમાં રોલાંએ કમ્યુનિસ્ટો અને ગાંધીને એક સાથે લાવવાની બહુ કોશિશ કરી પરંતુ અસફળ રહ્યા. અસફળ થવું સ્વાભાવિક હતું, કારણ કે કમ્યુનિસ્ટોએ પોતાનું દિમાગ હંમેશાં બંધ રાખ્યું અને ગાંધીએ અહિંસાના માર્ગને પોતાના જીવનનું મિશન બનાવ્યું હતું. દુનિયામાં પરિવર્તન માટે જેટલી પણ ક્રાંતિઓ થઈ તેનું લ-ય ભલે મહાન રહ્યું હોય, પરંતુ તેમણે ગાંધીજીની જેમ સાધનોની પવિત્રતા પર ધ્યાન ન આપ્યું. શું સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાનું લ-ય હિંસક સાધનોથી પ્રાપ્ત કરી શકાય? ૧૯૨૮માં મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે મારો એ અટલ વિશ્વાસ છે કે હિંસાના આધાર પર કોઈ સ્થાયી ચીજ ન જ બનાવી શકાય. ગાંધીવાદી રીતોથી દુનિયાના વિભિન્ન દેશોમાં વિરોધ પ્રદર્શન તો થયાં, પરંતુ સમાજવાદ, સામ્યવાદ વગેરેની જેમ ગાંધીના વિચારોને સિદ્ધાંત રૂપે સ્થાપિત ન કરી શકાયા. ભારતીય સમાજવાદીઓએ આઝાદીની લડાઈમાં ગાંધીનું નેતૃત્વ સ્વીકાર કર્યું, પરંતુ આઝાદી બાદથી સમાજવાદી અલગ-અલગ વૈચારિક જૂથોમાં વહેંચાઈ ગયા. ડો. રામમનોહર લોહિયાએ સમાજવાદને ગાંધીવાદ સાથે જોડ્યો. ૧૯૫૪માં દેશમાં પહેલી વાર કેરળમાં બિનકોંગ્રેસી પક્ષની સરકાર બની. આ સરકાર પ્રજા સોશ્યલિસ્ટ પાર્ટીની હતી, જેના મહામંત્રી રામમનોહર લોહિયા હતા. એ દરમ્યાન રાજ્ય સરકાર વિરુદ્ધ ત્રિવેન્દ્રમમાં એક રેલી કાઢવામાં આવી. એ રેલીને વિખેરવા માટે પોલીસ ગોળીઓ ચલાવી, જેનાથી સાત લોકો માર્યા ગયા. લોહિયાજી એ સમયે નૈની જેલ અલ્હાબાદમાં બંધ હતા. જેવી તેમને માહિતી મળી કે તેમણે કેરળના મુખ્યમંત્રીને તાર કર્યો કે શાંતિપૂર્ણ સરઘસ પર ગોળી ચલાવીને પોલીસે અમાનવીય કામ કર્યું છે, તેની સંપૂર્ણ નૈતિક જવાબદારી લેતાં મુખ્યમંત્રી પોતાના પદ પરથી રાજીનામું આપે, દોષી અધિકારીઓને બરતરફ કરે અને સંપૂર્ણ ઘટનાની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય બિન સરકારી સમિતિ બનાવવામાં આવે. લોહિયાના લોકોને પહેલી વાર સત્તા સુખ ભોગવવા મળ્યું હતું, જેને તેઓ છોડવા માગતા ન હતા. લોહિયા પોતાની વાત પર અડી રહ્યા. પોતાની જ પાર્ટી વિરુદ્ધ પ્રસ્તાવ લાવ્યા. રાષ્ટ્રીય સમિતિએ તેમનો પ્રસ્તાવ ફગાવી દીધો. લોહિયાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું. આ હતો ગાંધીજીનો રસ્તો. લોહિયાજીએ જે વાતને સૌથી વધારે મહત્ત્વ આપ્યું હતું તે માનવ અસ્તિત્વ પ્રત્યે આદર ભાવ હતો.

# સુષ્મા સામે કાદવ ઉછાળમાં ભાજપ ચૂપ?



કેન્દ્રીય વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ કે જેઓ વિદેશ મંત્રાલયમાં સારૃ કામ કરી રહ્યાં છે ત્યારે એક આંતરધર્મીયને પાસપોર્ટ આપવાના મામલે માઈક્રો બ્લોગ ટ્વીટર પર ભાજપના ટેકેદારો સહિત હજારો લોકોએ તેમના પર ઓનલાઇન વરસાવેલા અપશબ્દોનો મારો અને તેમની સામે બેફામ લખનારાઓમાં ભાજપ અને સંઘ પરિવારની સંસ્થાઓના ટેકેદારોની સામેલગીરીના પગલે ભાજપના આંતરિક વર્તુળોમાં એવી લાગણી સર્જાઇ રહી છે કે શું આ સુષ્માને સરકારમાંથી દૂર કરવાની કોઇ કોશિશ તો નથી ને? શું તેમને પણ એલ.કે. અડવાણીના કેમ્પમાં મોકલવાના કોઇ ચોક્કસ પ્રયાસો તો નથી ને એમ પણ ગણગણાટ થઇ રહ્યો છે.

ભાજપના રાજકીય વર્તુળોમાં થઇ રહેલો છૂપો ગણગણાટ ઈશારો કરે છે કે સુષ્મા પોતાના મંત્રાલયમાં સારી કામગીરી કરી રહ્યાં છે. લોકોને સરળતાથી પાસપોર્ટ મળી રહે તેવા મહત્વના સુધારા પણ કર્યા છે. પરંતુ તેમ છતાં એક આંતરધર્મિયને પાસપોર્ટ આપવામાં થયેલી ઉતાવળને લઇને તેમના પર જે રીતે માછલાં ધોવાયા અને તેમણે પોતાની સાથે થયેલો આ દુર્વ્યવહાર યોગ્ય છે કે કેમ એવું જાહેરમાં ઓનલાઇન પૂછ્યું ત્યારે ૪૩ ટકા લોકોએ એ બાબતને ટેકો આપ્યો કે સુષ્માની સાથે જે ગેરવર્તન અને અપશબ્દો બોલવામાં આવ્યાં તે યોગ્ય છે..!! ભારતમાં હજુ સુધી એવું બન્યું નથી. એટલું જ નહી તેમની વિરૃધ્ધ ખરાબ લખનારાઓમાં મોટા ભાગના તેમના જ પક્ષના અને સંઘ પરિવારના લોકો હતા. જ્યારે વિપક્ષ કોંગ્રેસે નવાઇભરી રીતે સુષ્માને ટેકો આપ્યો અને તેમની કામગીરીને વખાણી છે ત્યારે તેમના જ પક્ષના ઓનલાઇન કાર્યકરોએ તેમને ટ્રોલ કરીને જાહેરમાં તેમની ફજેતી કરીને તેમને નીચુ જોવું પડયું તેવા કૃત્યને ભાજપમાં દબાતા મુખે વખોડી કાઢવામાં આવી રહ્યું છે. સુષ્માની તરફેણમાં ઉંચા અવાજે કોઇ બોલ્યા નથી.

વર્તુળોએ કહ્યું કે પક્ષના એક મંત્રીને પક્ષના કાર્યકરો જ ટ્રોલ કરીને તેમની વિરૃધ્ધ બોલે અને લખે છતાં પક્ષમાં આવા કાર્યકરોને કોઇ ઠપકો પણ આપતું નથી. સુષ્માએ તો પોતાની કામગીરી પારદર્શક રાખી છે. લોકોને પાસપોર્ટમાં પડતી મુશ્કેલીઓ દૂર કરીને વિદેશમાં ફસાયેલા કેટલાયને મદદ કરી છે ત્યારે તેમની પડખે ઉભા રહેવાને બદલે તેમને અપશબ્દો આપે છતાં સરકારમાંથી સુષ્માની તરફેણમાં કોઇ બોલ્યા નથી.

વર્તુળો કહે છે કે સુષ્માના સ્થાને કોઇ અન્ય મંત્રી કે મહિલા મંત્રીને આ રીતે અપશબ્દો ઓનલાઇન આપવામાં આવી હોત તો... ? સુષ્માને આ રીતે પરેશાન કરીને તેમની કામગીરી બરાબર નથી એવું કોઇ બહાનું કાઢીને તેમને પડતાં મૂકવાની કોઇ યોજના તો નથીને એમ પણ કહેવાઇ રહ્યું છે.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

# ભૌતિકતા નશ્વર છે

મદ્યપાનના નશાનો ગ્રાફ સમયની સાથે સાથે નીચે તરફ ઉતરતો દેખાય છે, પરંતુ પદ અને ધનના મદનો નશો ઊર્ધ્વમુખી થઈને સમયને સમાનાંતર મર્યાદાઓનો ઊંબરો છોડવા માટે વિવશ કરે છે. જે ઘોર મુશ્કેલીઓમાં આદર્શ, ગુણ, આસ્થા, વિશ્વાસ સંકલ્પના સ્થાયી સૂત્રો અને મૂલ્યોનું નિરસ સાન્નિધ્ય છોડતો નથી અને સમૃદ્ધિના દિવસોમાં જૂઠ-ફરેબ, લાંચ, અવાસ્તવિક યશ, લોભ, માન, પ્રાપ્તિ અને વાહવાહી વગેરે દુર્ગુણોને ચરિત્રમાં પ્રવેશ કરવાની તક નથી આપતો, ખરેખર એ તપસ્વી વ્યક્તિ આ ધરતી પર સાક્ષાત દેવદૂત જ હોય છે. વેચાઈ જવું જેટલું સરળ છે, તેટલું જ કઠિન છે આદર્શ માર્ગ પર ટકવું. સદાચાર અને સાર્થકતાની ચડાઈ જેટલી દુર્ગમ છે એટલી જ સહજ છે અનાચાર અને અવમૂલ્યનમાં પતન.

જીવનની નાટ્યશાળામાં જીવમાં શબ્દની પ્રાણ પ્રતિષ્ઠા કરીને ઈશ્વરે દેહના આ ઘોડાને મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ સોંપી છે. શબ્દ બ્રહ્મના ફળદ્રુપ બીજોથી દેહને ઉપેક્ષિત કરીને આપણે જ્ઞાનની ખેતી લહેરાવીને મનમાં શાશ્વત શાંતિ, સુખ, મૂલ્ય, ઉદારતા, આનંદ, હર્ષ અને ઉત્કર્ષની ચિરંતન ખેતી લહેરાવો કે પછી શબ્દ બ્રહ્મની ઉપેક્ષા કરીને દેહના ઘોડાને બલિષ્ઠ અને ગરિષ્ઠ બનાવીને સ્થાપિત મૂલ્યો, મર્યાદાઓ, સ્થાપનાઓના દૈદિપ્યમાન તોરણદ્વારોનો વિધ્વંસ કરીને અનાચાર, વૈમનસ્યતા, દંભ, વિધ્વંસ, વિઘટન, ઉપેક્ષા, ક્ષોભ, પશ્ચાતાપ, પીડા, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારનું મહાભારત રચીને દુર્લભ જીવનના કાચ જેવા મનસૂબાના દુર્લભ કિલ્લાને ચૂર ચૂર કરી દો. દૈહિક સંપન્નતાથી બૌદ્ધિક વિપન્નતાનો પ્રસાર થાય છે, જ્યારે દૈહિક ઉપેક્ષાથી શાશ્વત ચેતનાનો સ્થાયી પ્રસાર. વ્યક્તિની શક્તિ અને ક્ષમતાઓ શીઘ્રનાશી હોય છે, પ્રકૃતિની સત્તાઓ શાશ્વત, અવિનાશી અને સમગ્રને આત્મિક તથા વાસ્તવિક સુખના લોકમાં લઈ જઈને આમૂલચૂલ પરિવર્તિત કરવામાં સક્ષમ ચેતના ત્યારે પાછી ફરે છે જ્યારે દેહની પર્ણકુટી અજ્ઞાનતાની કાળી ચાદર ઓઢી લે છે. સામર્થ્યનો ધનુર્ધર ત્યારે ચેતે છે જ્યારે તૂણીર, તરકશ અને પ્રત્યંચાના તમામ તીરો ચૂકી જવાયા હોય છે. સુખ ચેતનાથી જ મળશે, અજ્ઞાનતા અને ભૌતિકતાથી નહીં.

# નાનકનો જવાબ

એક વખત ગુરુ નાનક પાણીપત ગયા, જ્યાં શાહશરફ નામના એક પ્રસિદ્ધ સૂફી ફકીર રહેતા હતા. ગુરુ નાનકને શાહશરફે પૂછ્યું, 'ફકીર થઈને તમે ગૃહસ્થો જેવાં કપડાં કેમ પહેરો છો અને સંન્યાસીઓની જેમ તમે તમારું માથું કેમ મૂંડાવ્યું નથી?'

નાનકે જવાબ આપ્યો, 'મૂંડન તો મનનું કરવું જોઈએ, માથાનું નહિ અને માટીની જેમ નમ્ર થઈને જ મનનું મૂંડન થઈ શકે છે. જે મનુષ્ય પરમેશ્વરના દર પર પોતાના સુખ, સ્વાદ અને અહંકારને ત્યાગીને નીકળે તે જે પણ વસ્ત્ર ધારણ કરે, પરમાત્મા તેનો સ્વીકાર કરે છે. દરવેશનો ઓઢો અને ટોપી એ જ છે કે તે ઈશ્વરીય જ્ઞાનને પોતાના આત્મામાં સમાવી લે. જે કોઈ મન જીતી લે, સુખ-દુખમાં સમાન રહે અને દરેક સમયે સહજ અવસ્થામાં વિચરણ કરે, તેના માટે દરેક પ્રકારનો વેશ શોભનીય છે.' પછી શાહશરફે પૂછ્યું, 'તમારી જાતિ કઈ છે, તમારો મત શો છે, તમારો ગુજારો કઈ રીતે થાય છે?' એટલે ગુરુજીએ કહ્યું, 'મારો મત છે સત્યમાર્ગ, મારી જાતિ એ જ છે જે અગ્નિ અને વાયુની છે, જે શત્રુ-મિત્રને એક સમાન સમજે છે. મારું જીવન વૃક્ષ અને ધરતીની જેમ છે. નદીની જેમ મને એ વાતની ચિંતા નથી કે મારા પર કોઈ ધૂળ ફેંકે છે કે ફૂલ અને હું જીવિત તેને જ માનું છું જેનું જીવન ચંદન સમાન બીજા માટે ઘસાઈને સંસારમાં પોતાની સુગંધ ફેલાવી રહ્યું છે.' આ સાંભળીને શાહશરફે કહ્યું, 'દરવેશ કોણ છે?' નાનકે કહ્યું, 'જે જીવતેજીવ મારી જેમ અવિચલ રહે. જાગતી વખતે સૂતેલો રહે, જાણીજોઈને પોતાને લૂંટાવતો રહે. જે ક્રોધમાં ન આવે, અભિમાન ન કરે. ના સ્વયં દુખી હોય, ના કોઈને દુઃખ દે. જે હંમેશાં ઈશ્વરમાં મગ્ન રહે અને એ જ સાંભળે જે તેની અંદરથી ઈશ્વર બોલે છે અને એ જ અંતરયામી પરમાત્માને દરેક વ્યક્તિ, દરેક સ્થાનમાં જુએ.' આ સાંભળીને શાહશરફ પ્રસન્ન થઈ ગયા.

# 'આત્મા'ની હત્યાથી શરીરને મોક્ષ મળે?

ભારતમાં આર્થિક તકલીફો કે બીજી સમસ્યાઓના કારણે આખો પરિવાર મોતને વહાલું કરી લે એવી ઘટનાઓ ઘણી બને છે, પણ આધ્યાત્મિક કારણોસર કોઈ પરિવાર સામૂહિક આપઘાત કરી લે એવું નથી બન્યું. બહુ જૂની વાતોની તો ખબર નથી પણ છેલ્લા ત્રણ-ચાર દાયકામાં તો આવી ઘટના બની હોય એવું ધ્યાનમાં નથી. આ કારણે જ દિલ્હીમાં ભાટિયા પરિવારના ૧૧ લોકો એકસામટા મોતને ભેટ્યા એ ઘટનાએ દેશભરમાં ખળભળાટ મચાવી દીધો છે. આ પરિવારના મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળ્યા તેના કારણે પણ આખી ઘટના રહસ્યમય બની ગઈ છે. નવી દિલ્હીના બુરારી વિસ્તારમાં આ પરિવાર રહેતો ને કરિયાણાની દુકાન ચલાવતો હતો. રવિવારે ધંધો કરવાનો ટાઈમ હોવા છતાં દુકાન ના ખોલી તેથી પાડોશીઓને શંકા ગઈ ને તેમણે બારણું ખખડાવ્યું તો ઘરમાં ૧૦ લોકોની લાશ લટકતી હતી. ઘરનાં મોભી એવાં ૭૭ વર્ષનાં નારાયણ દેવીનો મૃતદેહ જમીન પર પડ્યો હતો. આ બધા મૃતહેની આંખો પર પટ્ટી બાંધેલી હતી ને હાથ પાછળ બાંધેલા હતા. પોલીસને જાણ કરાઈ ને પોલીસ પણ આવીને હતપ્રભ થઈ ગઈ. પોલીસને લાશોની નવાઈ ના હોય પણ એકસામટા એક જ પરિવારના ૧૧ લોકો આ રીતે મરી જાય એવું તો દિલ્હીની પોલીસે પણ પહેલી વાર જોયું હશે. પોલીસે એ પછી બધી કાનૂની વિધિ કરી ને તપાસ શરૂ કરી. આ તપાસમાં જે વિગતો બહાર આવી છે એ હચમચાવી નાખનારી છે. પોલીસને પહેલાં તો કોઈ ગેંગ વોરમાં પરિવાર વધેરાઈ ગયો હોય શકે તેવી શંકા થયેલી કેમ કે બુરારીમાં ગયા મહિને જ થયેલી ગેંગ વોરમાં ત્રણ લોકોની હત્યા કરાયેલી. આ પરિવાર તેમાં સામેલ હોય ને તેનો બદલો લેવા માટે આખા પરિવારને મારી નખાયો હોય એવું પોલીસને લાગેલું પણ તપાસ કરતાં એવું કંઈ નીકળ્યું નથી. પોલીસનું કામ બધા એંગલથી તપાસ કરવાનું છે એટલે તેણે ભલે હત્યાનો એંગેલ વિચાર્યો પણ આ કેસમાં હત્યાની શક્યતા પહેલાંથી નહોતી કેમ કે પરિવાર જ્યાં રહે છે તે ભરચક વિસ્તાર છે. ઘરમાં ટીવી ચાલુ હોય તો પણ પાડોશીના ઘરે બધા ડાયલોગ સંભળાય એટલી નજીક નજીક ઘરો આવેલાં છે. આ સંજોગોમાં એકસામટા ૧૧ લોકોને આ રીતે ગળે ફાંસો આપીને મારી નખાય ને કોઈને ખબર પણ ના પડે એ શક્ય નહોતું, છતાં કાનૂની વિધિ પ્રમાણે પોસ્ટમોર્ટમ જરૂરી હતું કે જેથી શું થયેલું તેની પાકે પાયે ખબર પડે. પોસ્ટ મોર્ટમમાં આપઘાતની વાતને સમર્થન મળ્યું છે ને ગળે ફાંસો લાગતાં શ્ર્વાસ રૂંધાવાથી મોત થયાનું બહાર આવ્યું છે. પોલીસે ખાતરી કરવા સીસીટીવી ચેક કર્યા ને તેમાં પણ શનિવારે રાત્રે ૧૦.૪૦ કલાક પછી ઘરે કોઈ આવ્યું નથી કે બહાર ગયું નથી. આખા પરિવારે રાત્રે ૧૦.૪૦ કલાકે સાથે બેસીને ખાધું ને એ પછી સવારે પાડોશીએ બારણું ખખડાવ્યું ત્યારે આખા પરિવારની લાશો મળી. પરિવારને ભોજનમાં ઝેર અપાયું હોય એવું પણ બહાર નથી આવ્યું. ખાવામાં ઝેર કે ઘેનની દવા આપી દેવાઈ હોય ને પછી પરિવારમાંથી જ કોઈએ એક પછી એક બધાંને લટકાવી દીધાં હોય એ એક શક્યતા હતી પણ એ શક્યતા પણ ખતમ થઈ ગઈ. પોલીસે ઘરમાં તપાસ કરી ને જે કંઈ મળ્યું એ વધારે ચોંકાવનારું છે. પોલીસને ઘરમાંથી એક ચોપડો મળ્યો ને તેમાં મોક્ષની ને એવી બધી વાતો લખેલી છે. બીજું પણ ઘણું લખેલું છે ને એ બધું એ તરફ સંકેત કરે છે કે, આખા પરિવારે મોક્ષની લ્હાયમાં સાગમટે મોતને વહાલું કરી લીધું. આ ચોપડામાંથી મળેલી વિગતો પ્રમાણે આ પરિવાર ભેદી વિધિઓ કરતો હતો ને તંત્ર-મંત્ર સાથે સંકલાયેલો હતો. આ ચોપડામાં હાથે દોરેલાં કેટલાંક ચિત્રો પણ મળ્યાં ને તેમાં જે હાલતમાં મૃતદેહો મળ્યા એ જ પ્રકારનાં ચિત્રો દોરેલાં હતાં. આ બધી વાતોના કારણે અત્યારે તો એવું તારણ નિકળ્યું છે કે આ પરિવાર ભેદી તંત્ર-મંત્રના રવાડે ચડ્યો તેમાં તેમનો બલિ ચડી ગયો. આ પરિવારને આ રવાડે કોણે ચડાવ્યો એ તપાસનો વિષય છે. પોલીસ એ તપાસ કરતી જ હશે ને પોલીસ એ માણસ લગી પહોંચી શકશે કે કેમ એ સવાલ છે. પરિવારમાંથી કોઈ વ્યક્તિ જાતે જ આ રવાડે ચડી હોય ને પછી તેણે આખા પરિવારનું બ્રેઈન વોશ કરીને તેમને પણ પોતાની જેમ માનતા કરી દીધા હોય એ પણ શક્ય છે. ખેર, સત્ય જે પણ હોય, પોલીસ એ બહાર લાવે તેવી આશા રાખીએ. જો કે કોના કારણે આ થયું તેના કરતાં મોટો મુદ્દો જે માનસિકતાના કારણે થયું તેનો છે ને સમજવાની વાત આ પ્રકારની માનસિકતા કેમ છે તે છે. બાબાઓ લોકોને સતત એક જ પટ્ટી પઢાવ્યા કરે છે કે, જગતમાં બીજું બધું મિથ્યા છે ને અસલી કંઈ હોય તો એ મોક્ષ છે. આ મોક્ષ મેળવો તો જ બધી યાતનાઓમાંથી છૂટો.

જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા -૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧.

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોર્મીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમના મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

| ક્રમ નં. | કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ | જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કતનું સરનામું | નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ (રૂા.) | એનપીએ તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ગિરધરભાઈ કરસનભાઈ સાગર/કેતનકુમાર ગિરધરભાઈ સાગર અને ૪૫, નારણ પટેલ ની ચાલી, જોગેશ્વરી નગર, પુજા હાસ્પિટલ ગલી, મેઘાણીનગર, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૧૬/ (LBABD00001884057) | યુનીટ નં. સી-૬૮, સુરયાન હોપટાઉન, એસ. નં. ૨૭૪/૧+ ૨, ૨૭૫/૨, સત્યમેવ હોસ્પિટલ પાછળ, ચાંદખેડા બસ સ્ટોપ પાસે, મહેસાણા હાઈ-વે, ચાંદખેડા- ઝુંડાલ એરિયા, ૩૮૨૪૨૪. | ૭ જુન , ૨૦૧૮ રૂા. ૧૭,૫૨,૦૧૭.૪૩/- | ૩૦ નવેમ્બર, ૨૦૧૭ |
| ૨. | ગોવિન્દભાઈ અભયરાજભાઈ ચૌધરી/નિલમ ગોવિન્દભાઈ ચૌધરી અને ફ્લેટ નં. જી/૧૦૪, એલસીબી સિટી, વિશ્વાસ સિટી પાછળ,વન્દેમાતરમ સામે, ગોતા, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૪૮૦/ (LBABD00001916626, LBABD00002427484) | ફ્લેટ નં. જી/૧૦૪, પ્રથમ માળ, આઈ.સી.બી. સિટી, સર્વે નં. ૨૫૩, એફ.પી. નં. ૮૫, ટી.પી. નં.૩૩, મૌજે ગોતા, તાલુ. દસક્રોઈ, જિલ્લો. અમદાવાદ-૮ (સોલા), ગુજરાત- ૩૮૨૪૮૦ | ૨૨ મે, ૨૦૧૮ રૂા. ૧૦,૯૮,૩૯૫.૦૦/- | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૮ |
| ૩. | પ્રણવ રાજેન્દ્રભાઈ પટેલ/હંસાબેન પટેલ અને ૨૨૫/૨૬૯૯ સત્યમ એપાર્ટમેંટ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૩/ (LBABD00002273172) | ફ્લેટ નં. ૨૬૯૯, બિલ્ડિંગ નં. ૨૫૫, સત્યમ અપાર્ટમેંટ, એસ. નં. ૨૦૯, એફ.પી. નં. ૩૭૧, ટી.પી.એસ. નં.૨૯, મૌજે વાડજ, તાલુ. અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૧૩. | ૨૨ મે, ૨૦૧૮ રૂા. ૧૦,૫૨,૨૦૨.૦૦/- | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૮ |
| ૩. | લક્ષ્મણ ભાઈ રાવલ/ભાવનાબેન મધુસુદન રોહીત/શ્રી ચામુન્ડા સેફ્ટી એન્ડ કં./કોકીલા એલ રાવલ અને સી ૧૨ બંસરી રેસીડેન્શી, કૃષ્ણા પાર્ક પાસે, ડભોઈ દશાલદ ભવન પાસે, વાઘોડીયા રોડ, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૧૯/ (LBBRD00002958718) | શોપ નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, નાનજીભાઈ ચેમ્બર્સ, જલારામ ટેમ્પલ પાછળ,કારેલીબાગ મિડલ ક્લાસ બહુચરાજી રોડ પર સ્થિત, આર.એસ. નં. ૭૪૪, સી.એસ. નં. ૫૦૭૧, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૧૮ | ૨૨ મે, ૨૦૧૮ રૂા. ૧૨,૧૪,૪૭૪.૫૨/- | ૩૧ માર્ચ, ૨૦૧૮ |

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે ) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ ૧૩ (૨) હેઠળ પ્રસિદ્ધ થયાનાતારીખ થી ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ના ૧૩ (૨)ની જોગવાઈ મુજબ ૬૦ દિવસની મુદ્દત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સહી/-,
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

તારીખ : ૦૫- જુલાઈ- ૨૦૧૮
સ્થળ : ગુજરાત

# હાથિયાણીના શિક્ષક પરાગ જોશી બન્યા પ્રેરણાનું ઝરણું

પોરબંદર તા.૨૫, કવિ મકરંદ દવેની એક મશહૂર પંકિત છે. ''ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીયે,ગમતાંનો કરીએ ગુલાલ.'' અત્યારે લોકોમાં એવી માન્યતા છે માણસને ગમતું કામ મળી જાય કે ગમતી સરકારી નોકરી મળી જાય પછી લોકો પરિવાર સાથે એશ આરામની જીંદગીના સપના જોવા લાગે છે. પરંતુ બધે જ એવું નથી બનતું. કવિની કૃતિ મુજબ ગમતા કાર્યને સમાજમાં વહેંચીને મદદરૂપ થનારા પણ છે. કોઇને ગમતી નોકરી મળી જાય પછી વિશેષ સમાજ સેવા કરીને પ્રેરણાનું ઝરણું બનીને સેવાનો ભેખ ધરનારા પણ છે. નોકરીની સાથે ગમતું કામ શીખીને સમાજ સેવાની એક કેડી પોરબંદર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકે કંડારી છે. આ શિક્ષકનું નામ છે પરાગ જોશી. શ્રી પરાગભાઇએ એવું તો શું કર્યુ કે આજે પોરબંદર જિલ્લાના શિક્ષકો અને વિધાર્થીઓમાં તેમનું નામ ગુંજતું થયું છે?

પોરબંદર જિલ્લામાં સામાન્ય પરિવારમાં ઉછરેલા પરાગ હરિલાલ જોશીએ સાયન્સમાં સ્નાતક કર્યા પછી નકકી કર્યું હતું કે તેમને જો ગણિત-વિજ્ઞાનના શિક્ષકની નોકરી મળી જાય તો નોકરીની સાથે વિશેષ કામ કરવું છે. આ ઇચ્છા દ્રઢ મનોબળ અને મહેનતના અંતે પૂર્ણ થઇ. શ્રી પરાગભાઇને પ્રાથમિક શાળામાં સાયન્સ શિક્ષક તરીકે ગમતી નોકરી મળી ગઇ. કહેવાય છે કે જેને કામ કરવું જ છે તેને કામ મળી જાય છે. પરાગભાઇએ વિશેષ કામગીરી કરવાની પસંદગી પણ પ્રાથમિક શાળાઓને ધ્યાનમાં રાખીને કરી.તેમને જાણવા મળ્યું કે શાળાઓમાં કોમ્પ્યુટર બંધ પડે તો રીપેર કરવાની મંજુરીથી માંડીને ગામડામાં ટેકનીશ્યનને લઇ આવવામાં મુશ્કેલી પડે છે. એટલું જ નહિં અંતરાય પડતા બાળકોની શીખવાની અને શિક્ષકોની શિખડવવાની કામગીરીમાં વિક્ષેપ પડે છે. બસ આ જ વાતે પરાગભાઇને વિશેષ કામગીરી કરવાનો રસ્તો કાઢયો. બે મહિનામાં જ પરાગભાઇએ કોમ્પ્યુટર રીપેર કરવાનું જ્ઞાન મેળવી લીધું. કોમ્પ્યુટર રીપર કરવામાં જેવી ફાવટ આવી કે તુરંત તેમણે સરકારી શાળામાં સ્વખર્ચે જઇ એક પણ પાઇ લીધા વગર વિધાર્થીઓ માટેના બંધ પડેલા કોમ્પ્યુટર વિના મુલ્યે રીપેર કરી આપવાનો સેવા યજ્ઞ શરૂ કરી દીધો. એવો સેવા યજ્ઞ કે જે અવિરત ચાલતો જ રહે. કર્મના નિજાનંદ વાળો સેવા યજ્ઞ. પોરબંદર જિલ્લાના હાથિયાણી ગામે સુખપુર પ્રા. શાળામાં ફરજ બજાવતા શ્રી પરાગભાઇની આ વિશેષ કામગીરીને આજે તો ૮ વર્ષ થઇ ગયા છે. પરાગભાઇ તેમને મળેલી પ્રેરણા અંગે કહે છે કે મને ગામડાના વિધાર્થીઓને સાયન્સ અને મેથ્સ શીખવડાવવાની મજા આવે છે.આ ગમતા કાર્યની સાથે સાથે શાળાનો સમય પુરો કરીને હું જે શાળામાં કોમ્પુટર બંધ થયાનો કોલ આવ્યો હોય તે શાળામાં કોમ્પ્યુટર રીપરે કરવા પહોંચી જાઉં છું. આજ દિન સુધીમાં જિલ્લાની ૧૦૦ પ્રાથમિક શાળાના ૧૦૦૦ થી વધું કોમ્પુટર રીપરે કર્યા છે.

પરાગ ભાઇ કહે છે સૌ પ્રથમ તેમણે ફેઇસ બુક પર એક પોસ્ટ શેર કરી તેમાં તેમણે એક ટેગલાઇન લખી હતી નહિં ટીએડીએ ચાર્જ, નહિં સર્વિસ ચાર્જ, માત્ર અડધો કપ ચા સાથે પીઇને તમારૂ કોમ્પ્યુટર થશે ફટાફટ રીપેર. આ સમાચાર જિલ્લામાં પ્રસરી જતા એકાંતરા અને કયારેક તો રોજ રોજ હું શાળાથી છૂટયા પછી કે પહેલા મારૂ બાઇક લઇને કોમ્પ્યુટર રીપરે કરવા પહોંચી જાવ છું. પરાગભાઇ જે શાળાની મુલાકાત લે છે તે શાળાના શિક્ષકોને કોમ્પ્યુટરર રીપરે કરવાની સામાન્ય સમજ પણ આપી દે છે. જેથી જેતે શાળા જાતે કોમ્પ્યુટર રીપેર કરતી થઇ જાય. સરકારશ્રી દ્વારા હવે શાળાઓમાં જ્ઞાનકુંજ ઇ- લર્નીગ પ્રોજેકટર પણ આવવા લાગ્યા છે. જેથી કોમ્પુટર વગર ચાલે તેમ નથી એટલે પરાગભાઇએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં તેમનો આ પ્રોજેકટ પણ મુકયો છે . જેથી અન્ય શિક્ષકો પણ આ દિશામાં કામ કરી શકે.

બપોરની શાળા અને સવારે કે રજાના દિવસે કોમ્પ્યુટર રીપેર કરવાની સર્વિસ તો પછી તમે પરિવારજનોને કયારે સમય આપો છો? એવું પુછતા પરાગ ભાઇએ હસીને કહયું કે મારા માતા અરૂણાબેન, પિતા હરિભાઇ અને પત્ની પૂજાબેનના સહકારથી જ હું આ વિશેષ સેવા કરી શકું છું.

## જિલ્લા સુખાકારી સમિતીની બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રસશ્તિ પારીકના અધ્યક્ષતામાં સંપન્ન

**જામનગર,** સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત જિલ્લા સુખાકારી સમિતીની બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રસશ્તિ પારીકના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ચેમ્બરમાંબેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ઘન કચરા વ્યવસ્થાપન માટે સ્વચ્છતાના સાધનો ખરીદવા તાલુકાવાર આવેલ અંદાજો અને મેટ્રીક્સ અંગે સમીક્ષા, ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ(જી.ઇ.એમ.) પોર્ટલ પર સ્પેશીફીકેશન નક્કી કરવા આંતરિક કમિટીની રચના અંગે ચર્ચા, જિલ્લા કક્ષાની તાંત્રિક સમિતીની તા.૧૬-૦૯-૨૦૧૭ના ઠરાવ મુજબ નિમણુંક અંગે સમિક્ષા, ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ(જી.ઇ.એમ.) પોર્ટલ પરથી તાલુકા કક્ષાએ સેકન્ડ્રી રજીસ્ટ્રેશન મારફત સાધનો ખરીદવા અંગેની ચર્ચા, સામુહિક શૌચાલયની મંજુરી અર્થેની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ગાંધી તેમજ સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સોનીના નવા RX100 VI માં ભિન્ન લાક્ષણિકતાઓ ધરાવતા 24-200mm લાર્જ એપરેચર (કેમેરા)




**નવી દિલ્હી ,** કોમ્પેક્ટ કેમેરાની સાયબર શોટ સીરીઝ ઇઠ૧૦૦ નુ વિસ્તરણ કરીને સોની ઈન્ડીયાએ નવો RX100 VI (model DSC-RX100M6) કેમેરા રજૂ કર્યો છે.

નવતર પ્રકારનો આ RX100 VI કેમેરા, હાઈ મેગ્નીફીકેશન ઝૂમ લેન્સનો RX100 મોડલમાં સૌ પ્રથમ વાર સમન્વય કરે છે. તે અસરકારક ZEISS® Vario-Sonnar T* 24-200mm1 F2.8 – F4.5 લેન્સ ધરાવે છે છતાં તેની પોકેટ સાઈઝ પોર્ટેબીલીટી જળવાઈ રહી છે. તે ખૂબ જ રિસ્પોન્સીવ છે અને સોનીની RX100 લાઈન- અપની શ્રેષ્ઠ હાઈ ઈમેજ ક્વોલિટી ધરાવે છે. તે વ્યાપક ઝૂમ અને સ્થિર ઈમેજ અને વિડિયો બંનેમાં અસરકારક ઈમેજ ક્વોલિટી ધરાવે છે અને રોજબરોજના જીવનમાં, સીટીસ્પેસમાં પોર્ટેઈચર, સ્પોર્ટસ અને આવા બધા પ્રસંગો માટે તે આદર્શ પસંદગી બની રહે છે.

પ્રસિધ્ધ RX100 સિરીઝની કોમ્પેક્ટ બોડી સાઈઝ જાળવીને ZEISS® Vario-Sonnar T* 24-200mm F2.8 – F4.5 હાઈ મેગ્નીફિકેશન ઝૂમ લેન્સનો ઉમેરો સોનીના RX100 સિરીઝના કેમેરામાં પ્રથમ વખત નવી ZEISS® Vario-Sonnar T* 24-200mm F2.8 – F4.5 લેન્સનો ઉમેરો કરીને તે 24-70mm y™u 70-200mm ફોકલ લેન્થનો પાવરટેક લેન્સ સીન્ગ્યુલર કોમ્પેક્ટ ડિઝાઈન ધરાવે છે. બે ED (extra-low dispersion) એસ્ફેરીકલ ગ્લાસ એલિમેન્ટસ અને AA (advanced aspherical) આઠ એસ્ફેરીકલ લેન્સ એલિમેન્ટસ જેવા ફીચર્સને કારણે અનોખી ડિઝાઈન પ્રાપ્ત થઈ છે. આ બધુ એકત્ર થઈને તમામ ફોકલ લેન્થમાં કોર્નર ટુ કોર્નર અદ્દભૂત શાર્પનેસ પ્રાપ્ત થાય છે અને ઇઠ૧૦૦ સિરીઝની પ્રસિધ્ધ ઈમેજ ક્વોલિટી જળવાઈ રહે છે. (૧૯-૧)

## વીડિયો સાથે સંપૂર્ણપણે નવો ગેલેક્સી On6 લોંચ કર્યો

**નવી દિલ્હી,** ભારતની સૌથી મોટી અને નંબર ૧ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મોબાઈલ ફોન બ્રાન્ડ સેમસંગે આજે ગેલેક્સી On6 લોંચ કર્યો હતો. સેમસંગની લેટેસ્ટ ઓફર ભારતનાં અગ્રણી ઈ-કોમર્સ પ્લેટફોર્મ ફ્લિપકાર્ટ, પર ઓનલાઈન એક્સક્લૂઝિવ ઉપલબ્ધ છે અને સેમસંગ ઓનલાઈન શોપ (shop.samsung.com/in) પર વિશેષ પ્રારંભિક કિંમત રૂ. ૧૪,૪૯૦ છે.

ગેલેક્સી On6 પર ઈન્ફિનિટી ડિઝાઈન ઉપભોક્તાઓને આશરે ૧૫ ટકા વધારે ડિસ્પ્લે એરિયા ડિવાઈઝની સંપૂર્ણ સાઈઝ વધાર્યા વિના આપે છે. આ માટે અતિ પાતળી બેઝેલ અને સોફ્ટવેર પાવર્ડ ઈન-ડિસ્પ્લે હોમ બટન સાથે ફિઝિકલ હોમ બટન સ્વેપિંગ જવાબદારે પરિબળો હોઈ શકે છે. ફિંગરપ્રિન્ટ સેન્સર પણ વધારાની સુવિધા માટે ડિવાઈઝની પાછળ લઈ જવામાં આવ્યું છે. આ ફેરફારોથી ડિસ્પ્લેનો આસ્પેક્ટ રેશિયો ૧૮.૫:૯ થયો છે, જે એન્ડ ટૂ એન્ડ વ્યૂઈંગ અનુભવ પ્રદાન કરે છે અને બ્રાઉઝિંગની વધારે સ્પેસ આપે છે. આ ડિવાઈઝ સેમસંગની સુપર એમોલેડ ડિસ્પ્લે ટેકનોલોજી ધરાવે છે, જે વધારે કોન્ટ્રાસ્ટ આપે છે અને વ્યૂઈંગનો શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરે છે.(૧)

## મનપસંદ બેવરેજીસની વૈશ્વિક સ્તરે વિસ્તરણની યોજના, મોટી કંપનીઓને ટક્કર આપવા માટે સજ્જ

**અમદાવાદ :** મેંગો સીપ ફ્રુટ ડ્રિંકના ઉત્પાદક મનપસંદ બેવરેજીસે ઘરેલુ માર્કેટ માટે પારલે પ્રોડક્ટ્સ સાથે મહાત્વાકાંક્ષી વિતરણ કરાર કર્યા બાદ કંપની સમગ્ર ભારતમાં આક્રમક ધોરણે વિસ્તરણની તથા ઉત્પાન ક્ષમતાની યોજના ધરાવે છે.

''સમગ્ર ભારતમાં વિસ્તરણની સાથે-સાથે અમે અન્ય દેશોમાં પણ વિસ્તરણની યોજના ધરાવીએ છીએ, જેમાં વૈશ્વિક સ્તરે અગ્રણી વેબરેજ કંપનીઓ કાર્યરત હોય તેવા દેશોનો પણ સમાવેશ થાય છે કારણકે વૈશ્વિક સ્તરે ગ્રાહકો આરોગ્ય પ્રત્યે વધુ સભાન બની રહ્યાં છે અને માર્કેટ ઝડપથી વિસ્તરી રહ્યું છે,'' તેમ કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ધિરેન્દ્ર સિંઘે જણાવ્યું હતું.

કોકા-કોલા અને પેપ્સીકો જેવી વૈશ્વિક સ્તરે અગ્રણી કંપનીઓ જ્યુસ માર્કેટ ઉપર વધુ ધ્યાન આપી રહી છે ત્યારે તેમનો સામનો કરવા માટે કંપનીની સજ્જતા અંગેના પ્રશ્નનો જવાબ આપતાં સિંઘે જણાવ્યું હતું કે, ''અમે સ્પર્ધાને આવકારીએ છીએ અને તેમનો સામનો કરવાનો વિશ્વાસ ધરાવીએ છીએ.''

અમે સ્પર્ધકોની તુલનામાં ગ્રામિણ ગ્રાહકોની પસંદગી અને અપેક્ષાઓને સારી રીતે સમજીએ છીએ અને અમને પ્રાદેશિક ટેસ્ટ પ્રમાણે નવી પ્રોડક્ટ્સ ઓફર કરવાનો વિશ્વાસ છે.

સિંઘે જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં પાયાના સ્તરેથી વિકાસ સાધવાના અમારા અનુભવ સાથે હવે અમે દેશમાં અને અન્ય દેશોમાં મલ્ટીનેશનલ કંપનીઓને ટક્કર આપવા માટે સજ્જ છીએ.

ઉલ્લેખનીય છે કે જૂન ૨૦૧૫માં આઈપીઓ દ્વારા મનપસંદ દેશની પ્રથમ લિસ્ટેડ નોન-આલ્કોહોલિક બેવરેજીસ કંપની બની હતી તથા રૂ. ૫ અને રૂ. ૧૦ની પેક પ્રોડક્ટ્સ સાથેના મજબૂત પોર્ટફોલિયો દ્વારા ગ્રામિણ અને અર્ધ-ગ્રામિણ વિસ્તારોના ગ્રાહક ઉપર મજબૂત ફોકસ ધરાવતા બિઝનેસ મોડલની કંપનીની સફળતાની પણ પ્રશંસા કરાઈ છે. (૧૩-૧)

## ગુજરાતમાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં આનંદ : વાવેતર વિસ્તારમાં વધારો થશે

રાજ્યમાં ૨૪ કલાક દરમિયાન વરસાદી માહોલ સર્જાયો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં વરસાદ વરસી રહયો છે. જે માટે વાતાવરણમાં સર્જાયેલી સાયક્લોનીક સરક્યુલેશન સિસ્ટમ આભારી છે તેમ હવામાન શાસ્ત્રી શ્રી જયંત સરકારે જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે યોજાયેલી વેધર વોચ ગૃપની સાપ્તાહિક મીટીંગમાં રાજયની વરસાદી સ્થિતિનું અવલોકન કરતા શ્રી સરકારે વધુમાં જણાવ્યું કે, સાયક્લોનીક સરક્યુલેશન સિસ્ટમને કારણે ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડશે, ક્યાંક ભારે વર્ષા પણ થઈ શકે. રાજયમાં આ વરસાદી માહોલ બે દિવસ સુધી ચાલુ રહેશે.

રાહત નિયામક શ્રી એમ.આર.કોઠારીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સની ૧૫ ટીમને એલર્ટ કરાઇ છે જે પૈકી અમરેલી, બનાસકાંઠા, જામનગર, સુરત, વલસાડ અને તાપી એમ છ સ્થળે એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. જ્યારે વધારાની છ ટીમ વડોદરા અને ૩ ટીમ ગાંધીનગર ખાતે સ્ટેન્ડ બાય છે. આ બેઠકમાં માર્ગ-મકાન, સિંચાઇ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, વીજ કંપનીઓ, વાહનવ્યવહાર વગેરે વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિભાગની સજ્જતા વિશે માહિતી આપી હતી. આ બેઠકમાં નાયબ રાહત નિયામક શ્રી જી.બી. મુંગલપરા સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ફોર્મ નં. યુઆરસી - ૨**

ચેપ્ટર XXI ના પાર્ટ I હેઠળ જાહેર નોટીસ
(કંપનીઝ (ઓથોરીઇઝ્ડ રજીસ્ટર)રૂલ્સ,૨૦૧૪ના કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને રૂલ ૪(૧)ના સેક્શન ૩૭૪(બી)નેઅનુસરતા જાહેર નોટીસ આપવામાં આવે છે.

૧. અહી કંપનીઝ એક્ટ ૨૦૧૩ના સેક્શન ૩૬૬ના સબ- સેક્શન ૨ને અનુસરતા એક અરજી અમદાવાદના રજીસ્ટ્રારએ મેસર્સ સંસ્કાર ટેક્સ પ્રીન્ટ્સ કંપની લીમીટેડના શેર્સ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના ચેપ્ટર XXના પાર્ટ દ્વારા પાર્ટનરશીપ ફર્મ હેઠળ રજીસ્ટર્ડ છે.
૨. કંપનીના સૈધ્ધાંતિક ઉદેશ્ય નીચે મુજબ છેઃ
મેટેરીયલ્સનું ટ્રીટમેંટ, ટેક્સટાઇલ પ્રિન્ટીંગ, ફેબ્રીક્સને ફિનીશેસ એપ્લાઈ, નિટીંગ અને ડાઈંગ ઓફ ફેબ્રિક્સ ( ટ્રીટમેંટ ઓફ મટેરિયલ્સ), ટેક્સટાઇલ ટ્રીટીંગ , ટેઇલરીંગ સર્વિસેઝ, કસ્ટમ ટેઇલરીંગ સર્વિસેઝ નું કામ કરે છે.
૩. એ કોપી ઓફ ધી ડ્રાફ્ટ મેમોરન્ડમ અને આર્ટીકલ્સ ઓફ એસોસિએશન ઓફ પ્રપોઝ્ડ કંપનીની ઓફિસ૫૦૦૫ , રાધારમણ ટેક્સટાઇલ માર્કેટ , આરકેએલપી માર્કેટ પાસ, ભારત કેન્સર હોસ્પિટલ પાછળ, સારોલી, સુરત -૩૯૫૦૧૦, ગુજરાત પર સ્થિત છે.
૪. આથી નોટીસ આપવામાં આવે છે કે આ અરજીના પર્સન ઓબ્જેક્ટીંગમાં આ વાંધો કોમ્યુનિકેટ '' ધી રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, આરઓસી ભવન, રૂપલ પાર્ક પાછળ, નારણપુરા, અમદાવાદ- ૩૮૦૦૧૩''માં એકવીસ (૨૧) દિવસમાં જાહેરાતની નોટીસની કોપી સાથે કંપનીના રજીસ્ટર્ડ ઓફિસમા મોકલી છે.

તારીખ : ૦૪થી જુલાઈ, ૨૦૧૮

**આવેદકોનું નામ**
૧. ધનજીભાઈ માનજીભાઈ ગંગાણી
૨. અમૃતબેન ધનજીભાઈ ગંગાણી
૩. શેલેષકુમાર ધનજીભાઈ ગંગાણી
૪. ગીતાબેન શૈલેષભાઈ ગંગાણી
૫. હિતેશ ધનજીભાઈ ગંગાણી
૬. રશ્મી હિતેશભાઈ ગંગાણી
૭. ચંપાલાલ શંકરસિંઘ ભાટી.

## પુના મશીન ટુલ એકસ્પો ૨૦૧૮ : ભારતનાં પશ્ચિમ વિસ્તાર પર લક્ષ્ય ૨૭થી ૩૦ સપ્ટેમ્બર, ઓટો કલ્સ્ટર, પુના

**અમદાવાદ,** ઈન્ડિયન મશીન ટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસિએશન (આઈએમટીએમએ) દ્વારા તા. ૨૭થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમિયાન પુના મશીન ટુલ એકસ્પો (પીએમટીએક્સ ૨૦૧૮)નું આયોજન કરવામાં આવ્યું છે. ચાર દિવસનું આ પ્રદર્શન ઓટો કલ્સ્ટર, પુનામાં યોજાશે.

પ્રશ્ચિમ ભારતનાં ડેટ્રોઈટ તરીકે જાણીતા પુનામાં ઓટોમોટિવ, હેવી એન્જિનિયરીંગ, એરો સ્પેસ, ડિફેન્સ, ઓર્ડનાન્સ અને ઘણા ઉત્પાદન એકમો આવેલા છે.

આઈએમટીએમએનાં પ્રેસિડેન્ટ શ્રી પી રામદાસે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'ઓટોમોટિવ સેકટર મશીન ટુલ્સનું સૌથી મોટું ગ્રાહક છે. અમારી પાસે પુના સ્થિત પશ્ચિમ ભારતનાં ઘણા સભ્યો છે. પીએમટીએક્સ જેવા એકસ્પોથી મશીન ટુલ્સનાં વ્યાપારના વિકાસની સારી તકો ઉપસ્થિત થશે.'

આઈએમટીએમએનાં ડાયરેક્ટર જનરલ અને સીઈઓ શ્રી વી અબુએ જણાવ્યું હતું કે, 'કોઈપણ ઉત્પાદન ઉદ્યોગ માટે નવી અને ઉદભવી રહેલી ટેકનોલોજીઓનો વપરાશ સમયની તાતી જરૂરિયાત છે. આઈએમટીએમએ આ ટેકનોલોજીઓને પીએમટીએક્સનાં માધ્યમથી નજીક લાવશે. આ શોથી ઓટોમોટિવ સેક્ટરનાં ઓઈએમને જ નહિ, અન્ય એન્જિનિયરિંગ ઉદ્યોગોને પણ ફાયદો થશે અને સહકાર સાંપડશે.'

પુના મશીન ટુલ એકસ્પોની પ્રથમ આવૃત્તિ વર્ષ ૨૦૧૬માં યોજાઈ હતી. તેમાં ૭૦૦૦થી પણ વધુ મુલાકાતીઓએ ભાગ લીધો હતો. આ અંગેની વધુ જાણકારી www.mtx.co.in પરથી મળી શકે છે.(૨૨-૧)

## મિસિસ. આશા વઘાસિયાએ વિસામો કિડ્સના વિદ્યાર્થીઓને કારકિર્દી વિષયક સલાહ આપી



વિસામો કિડ્સના ૩૬ બાળકો માટે એ સમયે ખરેખર ખાસ ક્ષણ બની રહી જ્યારે આ હાલમાં જ સ્કોલર્સ બનેલા બાળકોને જાણીતા સોશિયલાઈટ મિસિસ આશા વઘાસિયાએ તેમની સાથે મુલાકાત કરીને તેઓને કારકિર્દી અંગે કેટલીક સલાહો આપી હતી.

મિસિસ. આશા વઘાસિયા કે જેઓ ઉદ્યોગસાહસિક, ફેશન ડિઝાઈનર, પેરેન્ટલ કાઉન્સેલર અને હાઈ ઓન લાઈફના ટ્રસ્ટી છે તેઓ ડ્રગ્સ પ્રિવેન્શન અંગે કાર્યરત છે. તેમણે આ હોંશિયાર બાળકોની સાથે વાતચીત કરીને તેમનામાં રહેલી સંભાવનાઓ ઓળખવા કોશિશ કરી હતી અને સાથે તેમની ફિટનેસ કઈ રીતે જાળવવી તથા ટાઈમ મેનેમેન્ટનું મહત્ત્વ પણ તેમને સમજાવ્યું હતું. શ્રીમતી આશાએ આ સાથે ડ્રગ્સની બદી સામે લડવાની પ્રતિજ્ઞા પણ વિદ્યાર્થીઓને લેવડાવી હતી અને તેઓને તેમની સ્કૂલ્સ, સમુદાયો તથા આસપાસના સમાજમાં ગુડવિલ એમ્બેસેડર્સ બનીને આ સંદેશો ફેલાવવા માટે કહ્યું હતું.(૧૯-૮)

## ભરૂચ જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૬ મી જુલાઈ યોજાશે

**ભરૂચઃ** ભરૂચ જિલ્લાનો માહે:જુલાઈ-૨૦૧૮ માસનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૬-૦૭-૨૦૧૮ ના રોજ યોજાશે. જે માટેની અરજી તા.૧૦-૦૭-૨૦૧૮ સુધીમાં કચેરીમાં રૂબરૂ અથવા ટપાલમાં બે નકલમાં મોકલી આપવાની રહેશે.

અરજદારે અરજીના મથાળે ફરિયાદ નિવારણ કાર્યક્રમ એમ ખાસ લખવાનું રહેશે. અરજીઓ બે નકલમાં સુવાચ્ય્ અક્ષરોમાં ફુલસ્કેપ કાગળ ઉપર કરવાની રહેશે. અને તેમાં અરજદારે પોતાનો ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર અવશ્યણ લખવાનો રહેશે. પોસ્ટખકાર્ડ કે, અંતરદેશી પત્રો પર અરજી કરવાની નથી. અરજદારે પોતાના પ્રશ્નો જાતે રજૂ કરવાના રહેશે. બીજાનો પ્રશ્ન રજૂ કરવો નહી. અરજદાર એકજ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકાશે નહિ.અરજીમાં ફરિયાદને લગતી કચેરીનું નામ સ્પઆષ્ટય જણાવવાનું રહેશે. અગાઉ જે તે ખાતામાં કરેલ અરજીનો નિયમનુસાર નિકાલ ન થતો હોય તેમજ આ અંગે અગાઉ તાલુકા કક્ષાના ફરિયાદ નિવારણના કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કરેલ હોય પરંતુ નિકાલ થયેલ ન હોય તેવી અરજી રજુ કરવાની રહેશે. કોર્ટને લગતા, નોકરીને લગતી બાબતો, પેન્શ્ન, રહેમરાહે નોકરી જેવા મહેકમ વિષયક પ્રશ્નો તેમજ પ્રથમ વખતની અરજીની બાબતો ઘ્યાબને લેવામાં આવશે નહિં. તેમજ જે અરજદારશ્રીને ફરિયાદ નિવારણમાં હાજર રહેવાની જાણ કરેલ હોય તે સિવાયના ફરિયાદ નિવારણના પ્રશ્ન લઇને અન્યર કોઇપણ અરજદારે હાજર રહેવાનું નથી. માહે-ફેબ્રુઆરી-૨૦૧૧ થી 'ગ્રામ સ્વાશગત' કાર્યક્રમ શરૂ કરવા અભિગમ છે અને આ કાયક્રમ હેઠળ ગામના પ્રશ્નોની ફરિયાદ અરજીનો 'તાલુકા સ્વાનગત' કાર્યક્રમ સમાવેશ કરી નિકાલ કરવાની છે. જેથી જે તે માસની ૧ લી તારીખથી ૧૦ મી તારીખ સુધીમાં સંબંધિત ગામના તલાટી કમ મંત્રીશ્રીને ગામના પ્રશ્નોની ફરિયાદ અરજી મોકલવાની રહેશે. માહે:જુલાઈ-૨૦૧૮ માસનો 'તાલુકા સ્વાાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫-૦૭-૨૦૧૮ ના રોજ યોજાનાર હોય ગામના પ્રશ્નોની ફરિયાદ અરજી તા.૧૦-૦૭-૨૦૧૮ સુધીમાં સંબધીત ગામના તલાટી કમ મંત્રીશ્રીને મોકલી આપવાની રહેશે તેમ નિવાસી અધિક કલેકટર ભરૂચની એક યાદીમાં જણાવ્યું છે.

**એલ.પી. નેવલ એન્ડ એંજીનીયરિંગ લીમીટેડ**
(જે સિધ્ધી વિનાયક શિપીંગ કોર્પોરેશન લીમીટેડ નામે ઓળખાય છે)
**રજીસ્ટર્ડ ઓફીસઃ** ઓફીસ બ્લોક પહેલો માળ, પ્લોટ નં. ૨૩૭/૨ અને ૩ સબ પ્લોટ નં. એ/૨૫ સેન્ટ્રલ પાર્ક સોસા., જીઆઈડીસી, પાન્ડેસરા, સુરત-૩૯૪૨૨૧ ગુજરાત
**ઈ-મેઈલઃ** cs@lpnaval.com, **વેબસાઇટ :** www.sivishipping.com,
**ફોન નં.:** ૦૨૬૧-૨૮૯૪૪૧૫/૧૬
**CIN:** L35111GJ2012PLC068922

**એજીએમ નોટીસ**
આથી નોટીસ આપવામાં આવે છે કે એલ.પી. નેવલેન્ડ એન્જીનીયરિંગ લીમીટેડના સભ્યોની સામાન્ય સભા સોમવાર ૩૦મી જુલાઈ, ૨૦૧૮ના રોજ સવારે ૧૧. વાગ્યે એજીએમ નોટીસમાં જણાવ્યા પ્રમાણે બિઝનેઝ સેટ આઉટ માટે કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ બ્લોક પહેલો માળ પ્લોટ નં. ૨૩૭/૨ અને ૩ સબ પ્લોટ નં. એ/૨૫ સેન્ટ્રલ પાર્ક સોસા., જીઆઈડીસી, પાન્ડેસરા, સુરત-૩૯૪૨૨૧ ખાતે મળનાર છે.

**બુક ક્લોઝર નોટીસ અને ઈ-વોટીંગ**
કંપનીના રજીસ્ટર્ડ સભ્યો અને કંપનીના તમામ શેર સભ્યોને જાણ કરવામાં આવે છે કે કંપની બુદવાર ૨૫મી જુલાઈ, ૨૦૧૮ થી સોમવાર ૩૦મી જુલાઈ, ૨૦૧૮ ના ( બન્ને દિવસો સહિત)એજીએમના ઉદેશ્ય થી બંધ રહેશે. ઈ વોટીંગ માટે કટ ઓફ તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૧૮ ના રોજ રાખવામાં આવી છે.
બધા સભ્યોને અહી માહિતી આપવામાં આવે છે કે :
૧. કંપનીના બધા સભ્યો કે જેમના ઈ-મેઈલ આઈડી કંપની/ડિપોઝીટરી પાર્ટીશીપન્સ ખાતે રજીસ્ટર્ડ છે તેમને એજીએમની નોટીસ ઈલેક્ટ્રોનીક કોપીઓ મોકલી આપવામાં આવી છે. આ બધુ કંપનીની વેબસાઈટ www.sivishipping.com. ખાતે પર ઉપલબ્ધ છે. કંપનીના બધા સભ્યોને એજીએમની નોટીસ તેમના નોંધાયેલા સરનામા ઉપર મોકલી આપવામાં આવ્યું છે. કંપનીની એજીએમ નોટીસ મોકલવાનું કામ પુરૂ થઈ ગયો છે.
૨. જે સભ્યો ફિઝીકલ શેર ધરાવતા હશે અથવા ડિમેટાલાઇઝ્ડ શેર્સ જે કટ ઓફ ડેટ ૨૩મી જુલાઈ, ૨૦૧૮ સુધી ધરાવતા હશે તેઓ ઈલેક્ટ્રોનિકલી એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી માટે મતદાન કરી શકશે. સીડીએસએલની ઈલેક્ટ્રોનિક વોટીંગ સિસ્ટમ સભાના સ્થળ સિવાય વોટીંગ કરી શકશે. (રિમોટ ઈ-વોટીંગ) દરેક સભ્યોન જણાવવાનું કે
(૧) એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની સામાન્ય કાર્યવાહી ઈલેક્ટ્રોનીક મારફતે મતદાન કરી શકાશે.
(૨) રિમોટ ઈ-વોટીંગ શુક્રવાર ૨૭મી, જુલાઈ, ૨૦૧૮ના સવારે ૯:૩૦ કલાકે શરૂ થશે.
(૩) રિમોટ ઈ-વોટીંગ રવિવાર ૨૯મી જુલાઈ, ૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે બંધ થશે.
(૪) ઈલેટ્રોનિક માધ્યમથી અથવા એજીએમના સ્થળે વોટ આપવા યોગ્યતા નક્કી કરવાની કટ ઓફ ડેટ તા.૨૩મી જુલાઈ, ૨૦૧૮ છે.
(૫) જો કોઈ વ્યક્તિ નોટીસ મોકલ્યા બાદ શેર હસ્તગત કરે અને કંપનીના સભ્ય બને તથા ૨૩મી જુલાઈ, ૨૦૧૮ની કટ ઓફ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલી લોગીન આઈડી આને પાસવર્ડ મેળવી શકે છે. તેમ છતા જો કોઈ વ્યક્તિ સીડીએસએલમાં પહેલેથી રજીસ્ટર્ડ હોય તો તે તેનો યુઝર આઈડી અને પાસવર્ડ વોટ આપવામાં માટે ઉપયોગ કરી શકે છે.
(૬) સભ્યોને જાણ કરવામાં આવે છે કે (એ) સીડીએસએલ ધ્વારા ઉપરજણાવેલ તારીખ અને સમય પછી રિમોટ ઈ-વોટીંગ મોડયુલ બંધ કરી દેવામાં આવશે અને સભ્ય દ્વારા એક વાર વોટ થઈ ગયા પછી તેમા ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. (બી) એજીએમના સ્થળે બેલેટ પેપર ધ્વારા વોટ આપવાની પણ સુવિધા આપવામાં આવે છે અને (સી) જો કોઈ સભ્યે ઈ-વોટીંગના માધ્યમથી પહેલા વોટ આપી દીધો હશે તો તે એજીએમમાં હાજર રહી શકશે પણ ફરી વોટ આપી શકશે નહીં, અને (ડી) જે વ્યક્તિનો નામ રજીસ્ટર ઓફ મેમ્બર્સ અથવા રજીસ્ટર ઓફ બેનિફિશિયલ ઓનર્સમાં ડિપોઝીટર્સ દ્વારા કટ ઓફ ડેટમાં હશે ફક્ત તેમને જ રિમોટ ઈ-વોટીંગ અને એજીએમના સ્થળે બેલેટ પેપરની સુવિધા આપવામાં આવશે.
(૭) ઈ-વોટીંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો/ બેનીફીશીયલ ઓનર્સ www.evotingindia.com પર ઉપલબ્ધ ફ્રિકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ અને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલમાંથી માહિતી મેળવી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com. પર ઈ-મેલ કરી શકે છે.

એલ.પી. નેવલ એન્ડ એન્જીનીયરિંગ લીમીટેડવતી,
સહી/-
સંજયકુમાર ગોવિન્દ પ્રસાદ સરવાગી
ડાયરેકટર
ડીન-૦૦૦૦૫૬૬૫

તારીખ : ૦૪.૦૭.૨૦૧૮
સ્થળ : સુરત

**ભૌતિક કબ્જા નોટીસ**

ICICI Bank
**ICICI Bank Limited**
**રજિસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી., આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.

આથી સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે.
કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદાર/સહકરજદારનું નામ / લોન એકાઉન્ટ નંબર | મિલ્કતની વિગત / કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | વિજયભાઈ જે જોલાપારા/ શ્વેતાબેન વી જોલાપારા- LBRAJ00002061639 | હુસ નં.-૩૫૮, ગોકુલધામ સોસા.કૃષ્ણાનગર મેઈન રોડ, ગોન્ડલ રોડ, માવડી મેઈન રોડ, પ્લોટ નં. ૩૦/સી/૨, આર.એસ. નં. ૧૦૩/૧/પી, ગ્રામ માવડી, રાજકોટ- ૩૬૦૦૦૨, ૩ જુલાઈ, ૨૦૧૮ | ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬/ રૂા. ૪૧૬૮૬૮૦/- | રાજકોટ |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ સહ- કરજદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

સહી/-
**ઓથોરાઈઝડ ઓફિસર**
**આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ**

**તારીખ : ૦૫ - જુલાઈ- ૨૦૧૮**
**સ્થળ : રાજકોટ**

RBL BANK
**આરબીએલ બેંક લી.**
**એડમિનિસ્ટ્રેટીવ ઓફીસ :** ૧લી લેન, શાહુપુરી, કોલ્હાપુર - ૪૧૬૦૦૧
**કંટ્રોલીંગ ઓફીસ :** વન ઈન્ડિયા બુલ્સ સેન્ટર, ટાવર ૨બી, છઠો માળ, ૮૪૧ સેનાપતિ બાપત માર્ગ, લોયર પરેલ (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૧૩
**નેશનલ ઓપરેશન સેન્ટર :** ટેકનીફલેક્સ-૧, નવમો માળ, વીર સારવરકર ફલાઈઓવર, ગુરગાંવ (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૬૨
બ્રાન્ચ ઓફીસ : આરબીલ બેંક લી., શોરૂમ નં.૪, ગ્રાઉન્ડ ફલોર , ટ્વીન ટાવર એ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨

**સિક્યુરીટીરાઈજેશન નોટીસ સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ**

અમે, આરબીએલ બેંક લીમીટેડ સલામત લેણદાર **અરજદાર અને સહ અરજદાર કે જે કોલમ નં.૨માં નીચે** દર્શાવવામાં આવ્યા છે તમને જાણ કરવામાં આવે છે કે તમારા એકાઉન્ટ નોન પરફોમીંગ એસેટ તરીકે ગણવામાં આવ્યા છે જે ૦૧/૦૬/૨૦૧૮ના રોજના તમારા એકાઉન્ટના આધારે નક્કી કરવામાં આવ્યું છે તમારે બાકીની રકમ ચુકવણી પરત ચુકવણી મુળ રકમ વ્યાજ સાથે ચુકવવાની રહેશે. કુલ રકમ મળીને **રૂ. ૩૪,૧૦,૨૨૮.૫૭ /- (રૂપિયા ચોત્રીસ લાખ દસ હજાર બસો અઠાવીસ અને સત્તાવન પેસા પુરા) તા.૨૯.૦૬.૨૦૧૮** સુધી ચુકવો તો આ રકમ હતી ત્યાર બાદનુ વ્યાજ કે જે આરબીએલ બેંક લી.ને ચુકવવાનું છે.
તેમ છતા વારંવાર માંગણી કરવા છતા તમે તમારા ખાતાની બાકી રકમ ચુકવતા ન હતા અને તમે તમારી જવાબદારીઓ પણ મુક્ત કરતા નથી. તેમ છતા સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ના સેક્શન ૧૩(૨) ના ચેપ્ટરIII હેઠળ ૨૯/૦૬/૨૦૧૮ના રોજ ઉપર જણાવેલ રકમની માંગણી કરેલ તેની સાથે વ્યાજ કે જે કોન્ટ્રાકટ રેટ તથા કિંમત, ચાર્જ, અને તમારી જવાબદારીઓ મુકત કરવા માટે જે ખર્ચ થાય તે આ નોટીસ મવ્યાથી ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવવામાં આવે છે.

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ક્રમ નં. | કરજદારનું નામ , લોન રકમ અને લોન એકાઉન્ટ નં. | મોર્ગેજ મિલ્કતનું વર્ણન | એનપીએ તારીખ અને રકમ ઓ/એસ |
| ૧. | દિનેશચન્દ્ર ધનસુખલાલ મહેતા( અરજદાર) ડી- ૪૦૩/૪૦૪ અખંડ આનંદ કોપ્લેક્ષ, એલપી સવાની સ્કૂલ પાસે, હની પાર્ક રોડ, સુરત - ૩૯૫૦૦૯<br>હમેશ એટ્ :<br>૩૪૧૯૦ ડી જે ખેલૈયા સાઉન્ડ સિસ્ટમ સામે, બુન્દેલવાડ બરાનપુરી ભાગલ સુરત ૩૯૫૦૦૯. | ફલેટ નં.ડી/૪૦૩ અને ૪૦૪, ૪થો માળ ઓમ સ્વામિનારાયણ નગર કો-ઓપ હાઉસિંગ સોસાયટી લી., અખંડ આનંદ કોમ્પ્લેક્ષ, હની પાર્ક રોડ, રેવેન્યુ સર્વે નં. ૧૪૦ માં બનેલ , ટી.પી. સ્કીમ નં. ૧૩, ફાયનલ પ્લોટ નં.૯, પૈકી પ્લોટ નં.૨સુપર બિલ્ટઅપ એરિયા માપ ૧૪૫૦ સ્કેવર ફીટ, મૌજે ગામ અડાજણ, સબ- ડીસ્ટીં ચૌર્યાસી, જિલ્લો : સુરત, પીન કોડ : ૩૯૫૦૦૯ ઉપર સ્થિત છે. | એનપીએ તારીખ : ૦૧/૦૬/૨૦૧૮<br>૨૯.૦૬.૨૦૧૮ ના રોજં બાકી રહેતી કુલ રકમ રૂા. ૩૪,૧૦,૨૨૮.૫૭/- છે. |
| ૨. | મયૂરી દિનેશચન્દ્ર મહેતા (સહ- અરજદાર) ૩૪૧૯૦ ડી જે ખેલૈયા સાઉન્ડ સિસ્ટમ સામે, બુન્દેલવાડ બરાનપુરી ભાગલ સુરત ૩૯૫૦૦૯.<br>હમેશ એટ્ :<br>ડી- ૪૦૩/૪૦૪ અખંડ આનંદ કોમ્પ્લેક્ષ, એલપી સવાની સ્કૂલ પાસે, હની પાર્ક રોડ, સુરત- ૩૯૫૦૦૯<br>લોન નં : ૮૦૯૦૦૦૪૫૫૯૪૪<br>લોન રકમ : **રૂા. ૩૫,૫૦,૦૦૦/-** | | |

આરબીએલ બેંકના લીમીટેડ હવે ઉપરોક્ત ડિમાંડ નોટીસની બાબતો પ્રસિદ્ધ કરે છે. જામીનગીરીઓ રકમની પુરેપુરી વસુલ ન થાય ત્યાં સુધી નિકાલ કરવાનો અધિકાર કાયદામાં આપ્યો છે. કોઈ પણ પ્રકારના કારણ આપ્યા વીના કે તમે કે તમારા વતી કોઈના તરફેણમાં કરી આપશો નહીં તેવા અધિકારો અમને કાયદા દ્વારા આપવામાં આવ્યા છે.

**મિલ્કતનું વર્ણન**

**ફલેટ નં. ડી/૪૦૩ અને ૪૦૪, ૪થો માળ જે ઓમ સ્વામીનારાયણ નગર કો-ઓપ હાઉસિંગ સોસાયટી લી. , અખંડ આનંદ કોમ્પ્લેક્ષ , હની પાર્ક રોડ, રેવેન્યુ સર્વે નં.૧૪૦ની જમીન પર બનેલ છે, ટી.પી. સ્કીમ નં. ૧૩, ફાયનલ પ્લોટ નં.૯, પૈકી પ્લોટ નં.૨ સુપર બિલ્ટઅપ એરિયા માપ ૧૪૫૦ સ્કેવર ફીટ, જે મૌજે ગામ : અડાજણ, સબ- ડીસ્ટી.: ચૌર્યાસી , જિલ્લો : સુરત, પીનકોડ : ૩૯૫૦૦૯.**

**પૂર્વની તરફ** : **સી વિન્ગ જોડાયેલ**
**દક્ષિણની તરફ** : **એન્ટ્રી પૈસેજ/સીઢી/લીફટ**
**પશ્ચિમની તરફ** : **ખુલ્લી જગ્યા**
**ઉત્તર તરફ** : **ખુલી જગ્યા**

આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના પ્રસિદ્ધ કરવામાં આવે છે. આરબીએલ બેંકને આ નાણાંની વસૂલી માટે આપવામાં આવ્યા છે. જેમાં કરજદાર અને જામીનદાર સામે કાયદા પ્રમાણે સત્તા આપેલી છે તમને વધુ વિનંતી કરવામાં આવે છે કે આ કાયદાની કલમ ૧૩(૧૩) મુજબ ઉપરની મિલ્કત અંગે કોઈ વ્યવહાર કોઈના નામે ટ્રાન્સફર કે કોઈ પણ પ્રકારનું વેચાણ, લીઝ અમારી પૂર્વ મંજૂરી વગર કરી શકશે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**શ્રી પંકજ ભગત**
**આરબીએલ બેંક લી. વતી**

**સ્થળ : સુરત**
**તારીખ : ૨૯/૦૬/૨૦૧૮**